## Various Important Circulars Issued to Appropriate Authorities to Take Precautionary Measures Under Flood warning Arrangements

---

Circular No.1

**પૂર બાબત / અત્યંત જરૂરી**
**નં : એફડબલ્યુએ /૨૦૧૧/ ૨૭૫ ( ૧ ) જ.૧**

**ગુજરાત સરકાર,**
**નર્મદા, જળસંપતિ,પાણી પુરવઠા અને**
**કલ્પસર વિભાગ,સચિવાલય,ગાંધીનગર**
**તારીખ :- ૧૮/૦૩/૨૦૧૧**

**વિષય :-સને ૨૦૧૧ ચોમાસા અગાઉ સાવચેતીનાં પગલાં.**

**સને ૨૦૧૧ ના** ચોમાસા દરમ્યાન રાજયના ગાંધીનગર, રાજકોટ, ભાવનગર, પાલનપુર, ગોધરા, વડોદરા, વલસાડ, ભુજ, હિંમતનગર, અમદાવાદ, નડિયાદ, ઉકાઈ, મહેસાણા, રાજપીપળા અને સુરત ખાતેના પૂર નિયંત્રણ એકમો તારીખ ૦૧-૦૬-૨૦૧૧ થી ૩૦-૧૧-૨૦૧૧ સુધી અને રાજયમાં આ વિભાગ દવારા ગોઠવવામાં આવનાર વાયરલેસ સ્ટેશનો પણ તે સમયગાળા માટે ચોવીસ કલાક કાર્યરત રાખવાનાં છે. તેની વ્યવસ્થા ગોઠવવી.

૨.૦ વધુમા ૨૦૧૧ ચોમાસામાં પૂરથી સિંચાઈ યોજનાઓને જયારે પણ પૂરથી નુકશાન થાય તો તે નુકશાનની વિગતો નુકશાન થવાના ચોવીસ કલાકની અંદર નિયત નમૂનામા તૈયાર કરી સબંધિત અધિક્ષક ઈજનેરશ્રીએ મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રીને તથા ગાંધીનગર ખાતે ચોવીસે કલાક કાર્યરત રહેનાર પુર નિયંત્રણ એકમને પહોંચી જાય તે રીતે અચૂક મોકલી આપવા આથી સૂચના આપવામાં આવે છે. પૂરથી થયેલા નુકશાન અંગેની વિગતોને અભાવે ઘણી વાર ઉચ્ચ કક્ષાની મીટીંગોમા વિભાગને ક્ષોભની પરિસ્થિતિમાં મુકાવું પડે છે. આથી નુકશાનની વિગતો તુરતજ ઉપલબ્ધ થાય તે અંગે દરેક અધિક્ષક ઈજનેરશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રી કાળજી લે તે જરૂરી છે.

**(બી. એસ. પટેલ)**
ખાસ ફરજ પરના અધિકારી(જળસંપત્તિ)
નર્મદા, જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ગાંધીનગર